**જનસંપર્ક અધીકારી દ્વારા**

**પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર**

**ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩**

**કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સ: ૨૫૬૩૦૬૦૦**

તા.૧૭/૦૭/૨૦૧૮ મંગળવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં**

**આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-** **સમાચાર યાદી નં.૧૩૫૩/૧૮**

## રૂ.૧૨,૨૪,૦૦૦/-ની કિંમતના ચોરીના ૫૧ બ્રાન્ડેડ મોબાઈલો સાથે પરપ્રાંતીય ઝારખંડની ગેંગના ત્રણ ઈસમોની ધરપકડ કરી ૫૧ ગુનાનો ભેદ ઉકેલતી વટવા પોલીસ

અમદાવાદ શહેરમા ધાર્મિક તહેવારો તથા મેળાઓમા જનમેદની એકત્ર થતી હોઇ તેવા સ્થળોએ મોબાઈલ લીફટીંગના બનાવો અટકાવવા અમદાવાદ શહેર પોલીસ કમીશ્નરશ્રી એ.કે.સિંઘ સાહેબનાઓની સુચનાથી અધિક પોલીસ કમિશ્નર સેકટર-૨ શ્રી અશોક કુમાર યાદવ સાહેબ તથા નાયબ પો.કમી.ઝોન ૬ શ્રી રાજન સુશ્રા સાહેબ તથા મ.પો.કમી."જે" ડીવીઝન શ્રી વી.એમ.જાડેજા સાહેબનાઓની સુચના તથા સીધા માર્ગદર્શન હેઠળ વટવા પોલીસ સ્ટેશન પોલીસ ઈન્સપેક્ટર એચ.વી.સીસારા સાહેબનાઓએ આજરોજ તા.૧૬/૦૭/૨૦૧૮ ના રોજ વટવા પોલીસ સ્ટેશન વિસ્તારમા મિલ્કત સંબંધી તથા અન્ય ગુનાઓ શોધવા માટે સર્વેલંસ પો.સ.ઇ. એસ.પી.ગોહિલ તથા સર્વેલંસ સ્કોડના માણસોને ટીમ સાથે પેટ્રોલીંગમા હતા દરમ્યાન સર્વેલંસ સ્કોડના ***હે.કો. શૈલેન્દ્રસિંહ બટૂકસિંહ બ.નં.૯૨૫૩ તથા પો.કો. મહેન્દ્રસિંહ ગંભીરસિંહ બ.નં. ૮૪૨૫*** નાઓની સંયુક્ત બાતમી હકિકત આધારે ત્રણ અજાણ્યા ઇસમો ચોરી અથવા છળકપટથી કેટલોક ઇલેક્ટ્રીક સામાન લઇ ઘોડાસર ચાર રસ્તાથી –સ્મુતી મંદીર તરફ આવતા હોવાની બાતમી હકિકત આધારે વોચમા રહી ત્રણ ઇસમો પકડી પાડેલ...

(૧) અનિલ સ/ઓ ઇન્દ્રદેવ અનંતલાલ મહતો ઉ.વ.૨૬ રહે. નયા ટોલા કલ્યાણી ,મહારાજપૂર જિ.સાહેબગંજ (ઝારખંડ)

(૨) સન્દીપ સ/ઓ નંદકિશોર નોસરીયા ઉ.વ.૨૮ રહે.: નયા ટોલા કલ્યાણી,મહારાજપૂર જિ.સાહેબગંજ (ઝારખંડ)

(૩)શનિકુમાર સ/ઓ મહિન્દરકુમાર કિશોરકુમાર નોનીયા (મહતો) ઉ.વ.૧૯ રહે. નયા ટોલા કલ્યાણી , મહારજપૂર જિ.સાહેબગંજ (ઝારખંડ) નાઓને આજરોજ તા:૧૭/૦૭/૨૦૧૮ ના કલાક ૦૨/૪૫ વાગે કુલ્લે અલગ અલગ બ્રાંડેડ કંપનીના (આઇફોન તથા એન્ડ્રોઇડ) કુલ્લે ૫૧ મોબાઇલ ફોન કિ.રૂ.૧૨,૨૪,૦૦૦/- ના મુદામાલ સાથે શકમંદ હાલતમા ઝડપી CRPC કલમ ૪૧(૧)(ડી) હેઠળ પકડી પાડી CRPC ૧૦૨ મુજબ ઉપરોક્ત મોબાઇલનો મુદ્દામાલ કબ્જે કરી કાયદેસરની કાર્યવાહી કરવામા આવેલ છે.

મજકુર આરોપીઓની કુનેહપૂર્વક પૂછપરછ કરતા હકિકત એવી જાહેર થયેલ કે મજકૂર આરોપીઓની આ પ્રકારના ગુના આચરવા તેઓ તથા અન્ય કિશનકુમાર ચસવા મહતો તથા સન્નીકુમાર બિરજુકુમાર મહતો બન્ને રહે. રહે. નયા ટોલા કલ્યાણી , મહારજપૂર જિ.સાહેબગંજ (ઝારખંડ) નાઓ જણાવેલ કે ગુજરાતના અમદાવાદ ખાતે "*__રથ કા ત્યોહાર હે બહોત ભીડ લગને વાલી હે__*" જેથી મજકુર આરોપીઓ રથયાત્રાના દિવસે માણસોની ભીડમા ભીડનો ફાયદો ઉઠાવી માણસોના ખિસ્સામાથી નજર ચુકવી એક ઇસમ મોબાઇલ ખેંચી લઇ બીજા ઇસમને પાસ કરી બીજો ઇસમ ત્રીજા ઇસમને પાસ કરી ત્રીજો ઇસમ ચોથો ઇસમને પાસ કરી તે બેગમા મુકી ભોગ બનનારને ધકામુક્કી કરી સ્થળ છોડી દેતા હોવાનુ જણાવેલ અને આ અગાઉ પુરાની દિલ્હી રેલ્વે સ્ટેશન ખાતેથી મોબાઇલો ચોરેલ હતા જે ઉપરોક્ત ઇસમ કિશનકુમાર તથા સન્નીકુમારનાઓ કરોલબાગ દિલ્હી ખાતે આવેલ મોબાઇલ માર્કેટમા વેચાણ કરતા હતા અને મજકૂર આરોપી નં. ૩ નાનો એક વર્ષ અગાઉ ગીતામંદીર બસ સ્ટેશન તથા કાલૂપૂર રેલ્વે સ્ટેશન ખાતેથી ભીડનો લાભ લઇ અલગ અલગ કંપનીના મોબાઇલ ચોરેલાનુ જણાવેલ છે.

__આરોપીઓની એમ.ઓ.__

સદરી ઇસમોની ચોરી કરવાની એમ.ઓ.(૧) એક ઇસમ રાહદારી સાથે અથડાઇ બીજો ઇસમ બીજી બાજુથી આવી ખિસ્સામાથી મોબાઇલ કાઢી પાછળ ત્રીજા ઇસમને આપી ત્રીજો ઇસમ ચોથા ઇસમને આપી ચોથો ઇસમ તેની બેગમા રાખી બનાવ સ્થળેથી ૫૦૦ મીટર દુર જઈ મોબાઈલ બંધ કરી તેના સાગરીતને સ્ટોરેજ માટે આપી લગાતાર ચોરી ની કામગીરી ચાલુ રાખવાની અને ભીડ પૂરી થયા બાદ શહેર છોડી દિલ્હીના કરોલબાગ માર્કેટ માં મોબાઈલ વેચી દેતા હતા.

ઉપરોક્ત પકડાયેલ ત્રણ આરોપીઓ તથા અન્ય બે આરોપીઓ કિશનકુમાર ચસવા મહતો તથા સન્નીકુમાર બિરજુકુમાર મહતો નાઓની સાથે અમદાવાદ શહેરમા નીચે મુજબના ગુનાઓની કબુલાત કરેલ છે.

(૧) ગાયકવાડ હવેલી પોલીસ સ્ટેશન ફ્સ્ટ.ગુ.ર.નં. ૯૦/૧૮ ધી ઇ.પી.કો. કલમ ૩૭૯ મુજબ
(૨) ગાયકવાડ હવેલી પોલીસ સ્ટેશન ફ્સ્ટ ગુ.ર.નં.૯૧/૧૮ ધી ઇ.પી.કો. કલમ ૩૭૯ મુજબ
(૩) ગાયકવાડ હવેલી પોલીસ સ્ટેશન ફ્સ્ટ.૯૨/૧૮ ધી ઇ.પી.કો. કલમ ૩૭૯ મુજબ
(૪)કાલૂપૂર પોલીસ સ્ટેશન ફ્સ્ટ.૪૮/૧૮ ધી ઇ.પી.કો. કલમ ૩૭૯
(૫) કાલૂપૂર પોલીસ સ્ટેશન ફ્સ્ટ.૫૦/૧૮ ધી ઇ.પી.કો. કલમ ૩૭૯
(૬) શહેર કોટડા પોલીસ સ્ટેશન ફ્સ્ટ.૯૪/૧૮ ધી ઇ.પી.કો. કલમ ૩૭૯ મુજબ
(૭)મહારાષ્ટ્ર પાલઘર રેલ્વે પોલીસ સ્ટેશન ફ્સ્ટ.૮૫/૧૮ ધી ઇ.પી.કો. કલમ ૩૭૯ તથા

મજકૂર પકડાયેલ આરોપીઓની પૂછપરછ કરતા તેઓ તેમના વતન ઝારખંડથી પોતાના પરિવારને ગુજરાતમા કામ અર્થે જવાનુ કહી દિલ્હી, તથા અમદાવાદ જેવા મોટા શહેરોમા મોબાઇલની ચોરી કરે છે. આમ ત્રણેય આરોપીઓ અગાઉ કોઈ જગ્યાએ ચોરીને અંજામ આપેલ છે કે કોઈ ગુનામાં પકડાયેલ છે કે કેમ તથા અન્ય બે સાગરીતો કિશનકુમાર ચસવા મહતો તથા સન્નીકુમાર બિરજુકુમાર મહતો બન્ને રહે. રહે. નયા ટોલા કલ્યાણી , મહારજપૂર જિ.સાહેબગંજ (ઝારખંડ) કયા રોકાયેલ છે તથા તેઓ બીજા અન્ય કોઈ ગુનાઓમાં સંડોવાયેલ છે કે વિગેરેની પૂછપરછ કરી આગળની તપાસ સર્વેલન્સ પો.સબ.ઈન્સ. એસ.પી.ગોહીલ નાઓ કરે છે

**મોબાઇલ ચોર ઇસમને ચોરીના કુલ્લે-૧૪ મો.ફોન સાથે પકડી કુલ્લે-૦૭ ચોરીના ગુનાનો ભેદ ઉકેલતો શહેરકોટડા પોલીસ સ્ટેશનનો સર્વેલન્સ સ્કોડ**

ખાસ પોલીસ કમિશ્નરશ્રી સેકટર -૦૧ સાહેબ શ્રીની સુચના થી નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૩ સાહેબ તથા એ.સી.પી.શ્રી "ડી" ડીવીઝન તથા શહેરકોટડા પોલીસ સ્ટેશનના સીની.પોલીસ ઈન્સ્પેક્ટરશ્રીના માર્ગદર્શન હેઠળ સર્વેલન્સ સ્કોડના પો.સબ.ઇન્સ.શ્રી એ.ડી.ચાવડા સાહેબ નાઓ તથા સર્વેલન્સ સ્કોર્ડના અ.હે.કો રણજીતસિંહ રામસિંહ બ.ન.-૭૫૨૦ તથા અ.પો.કો સુરપાલસિંહ મહેન્દ્રસિંહ બ.ન.-૬૯૪૦ તથા અ.પો.કો કનકસિંહ નટવરસિંહ બ.ન.-૩૩૮૧ તથા બિજા સ્ટાફના માણસો સાથે રથયાત્રાના બંદોબસ્ત અનુસંધાને રથયાત્રા રૂટ ઉપર પેટ્રોલિંગમાં હતા દરમ્યાન કલાક-૧૭/૦૦ વાગ્યે સરસપુર ચાર રસ્તા આવતા એક ઇસમ શંકાસ્પદ હાલતમાં આવતો જણાતા અને પોલીસને જોઇ રસ્તો બદલી ભાગવા જતા સ્ટાફના માણસોએ તુર્તજ તેની પાછળ દોડી તેને પકડી લિધેલ અને તેનું નામ ઠામ પુછતા તેણે પોતાનું નામ પંકજ કલજી ભાટ ઉ.વ.૩૫ રહે, ગામ-ભિલવાડા છાપ તળાવની પાછળ સાઇબાબા મંદીરની પાછળ તા-જી-દાહોદ નાનો હોવાનું જણાવેલ જેની અંગઝડતી કરતા તેની પાસેની અલગ અલગ કંપનીના મો.ફોન નંગ-૧૪ કિ.રૂ-૮૦,૦૦૦/- ની મત્તાના મળી આવેલ જેને તા-૧૪/૦૭/૨૦૧૮ ના કલાક-૧૮/૨૦ વાગ્યે સીઆરપીસી કલમ ૪૧(૧)(ડી) મુજબ પકડી અટક કરી આરોપીની પુછપરછ કરતા ઉપરોક્ત મો.ફોનો રથયાત્રામાં લોકોની ભિડનો લાભ મેળવી અલગ અલગ જગ્યાએથી ચોરી કરેલાની કબુલાત કરેલ હોય જે દિશામાં આગળ તપાસ કરતા શહેરકોટડા પોલીસ સ્ટેશન ફસ્ટ.ગુ.ર.ન-૮૧/૧૮ ઇ.પી.કો કલમ-૩૭૯ મુજબ તથા ફસ્ટ.ગુ.ર.ન- ૮૨/૧૮ ઇ.પી.કો કલમ-૩૭૯ મુજબ તથા ફસ્ટ.ગુ.ર.ન- ૮૩/૧૮ ઇ.પી.કો કલમ-૩૭૯ મુજબ તથા ફસ્ટ.ગુ.ર.ન- ૮૪/૧૮ ઇ.પી.કો કલમ-૩૭૯ મુજબ તથા ફસ્ટ.ગુ.ર.ન-૮૬/૧૮ ઇ.પી.કો કલમ-૩૭૯ મુજબ તથા ફસ્ટ.ગુ.ર.ન- ૮૮/૧૮ ઇ.પી.કો કલમ-૩૭૯ મુજબ તથા ફસ્ટ.ગુ.ર.ન-૯૦/૧૮ ઇ.પી.કો કલમ-૩૭૯ મુજબના ગુનાનો ભેદ ઉકેલી બિજા અન્ય ગુનાઓના ભેદ ઉકેલાવાની શક્યતા હોય આ કામે આગળની વધુ તપાસ પો.સબ.ઇન્સ.શ્રી એ.ડી.ચાવડા નાઓ ચલાવી રહેલ છે,

## ઓઢવ પોલીસ સ્ટેશન

મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તથા મે.અધિક પોલીસ કમિશ્નરશ્રી સેક્ટર-૨ સા.તથા મે.નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૫ સા.તથા મે.મદદનિશ પોલીસ કમિશ્નરશ્રી "આઈ"ડીવીજન અમદાવાદ શહેર.નાઓની સુચના તથા માર્ગદર્શન હેઠળ " જાહેર સલામતી અને વ્યવસ્થા " વિરૂદ્ધના કૃત્યો અટકાવવા સારૂ તેમજ આગામી રથયાત્રા અનુસંધાને અસરકારક પગલા લેવા કરેલ હુકમ અનુસંધાને અમો પોલીસ ઈન્સપેક્ટરશ્રી.આર.જી.જાડેજા.નાઓએ " બ્રિજેશભાઈ કીરીટભાઈ પરષોતમભાઈ પટેલ ઉવ.૧૯.રહે.મનં-એ/૨ હરીદર્શન ફ્લેટ.શારદાબા સ્કુલ સામે અમરાઈવાડી અમદાવાદ શહેર." નાનો "જાહેરવ્યવસ્થા " વિરૂદ્ધના કૃત્યો કરતો હોય જેની વિરૂદ્ધમાં ઓઢવ પો સ્ટેશન ફ.ગુ.ર.નં-૧૧૦/૧૮ ઈપીકો કલમ ૩૭૯,૧૧૪ મુજબ તથા રામોલ પો સ્ટેશન ફ.ગુ.ર.નં-૮૨/૧૮ ઈપીકો ૩૭૯,૩૫૬,૧૧૪.મુજબના ગુના નોંધાયેલ હોય સદરી આરોપી વિરૂદ્ધમાં પુરાવા ભેગા કરી પાસા દરખાસ્ત તૈયાર કરી મે.પોલીસ કમિશ્નરશ્રી.અમદાવાદશહેર.નાઓની સમક્ષ સાદર કરતા તેઓ સાહેબે પાસા હુકમ નં-PCB/DTN/PASA/506/18 તા.27/06/2018 અન્વયે હુકમ કરતા મજકુર પાસા અટકાયતીની સર્વેલંસ પો.સ.ઈ.એ.ડી.ભટ્ટ.તથા હેડ કોન્સ.અમરસિંહ રેવાભાઈ બનં-૩૯૪૧.તથા પો.કો.અજીતભાઈ ભીખાભઈ બનં-૪૨૯૪ તથા પો.કો.અતુલભાઈ સુખરામભાઈ બનં-૮૬૦૬ તથા અન્ય સ્ટાફના માણસો વોચમાં હાજર. રહી મળી આવતા પકડી તા.૧૬/૦૭/૨૦૧૮ ના રોજ પાસા હુકમની બજવણી કરી ભુજ પાલારા મધ્યસ્થ જેલ ખાતે પાસા અટકાયતીને જરૂરી જાપ્તા સાથે મોકલી આપવામાં આવેલ છે. તા.૧૬/૦૭/૨૦૧૮.

**<u>સુરક્ષા સેતુ રથ :</u>**

“માધવપુરા” પોલીસ સ્ટેશન વિસ્તારમાં સુરક્ષા સેતુ રથનું આયોજન કરી, “માધવપુરા” પોલીસ સ્ટેશન વિસ્તારમાં નાગરીકોને સુરક્ષા બાબતે માર્ગદર્શન આપવામાં આવ્યુ હતુ.






નાયબ પોલીસ કમિશનર,<br>
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.<br>
પોલીસ કમિશનર વતી.